# બનાસકાંઠામાં પદ્માવત ફિલ્મના વિરોધમાં બીજા દિવસે પણ ઉગ્ર દેખાવો

## વડગામ તાલુકા, દાંતા તાલુકા, ડીસા સહિત હાઈવે બંધ કરી ચક્કાજામ કરાયો

### મેગાળ નજીક પોલીસ અને રાજપૂત યુવકો વચ્ચે ઘર્ષણ

વડગામના મેગાળ નજીક ફિલ્મના વિરોધમાં હાઈવે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે ઘટના સ્થળે આવેલા છાપી પીએસઆઈએ રિવોલ્વર નીકળવાની કોશીસ કરતા રાજપૂત સમાજના યુવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પરંતુ ત્યાં હાજર રાજપૂત સમાજના અગ્રિણીઓએ યુવાનોને માંડ સમજાવી મામલો થાળે પાડ્યો હતો.





બનાસકાંઠા જિલ્લામાં શનિવાર બાદ રવિવારે પણ મહાકાલ સેના, કર્ણી સેના, બાવન આંટા રાજપૂત યુવક મંડળ, અને વિવિધ સંગઠનો દ્વારા ફિલ્મ પદ્માવત ના વિરોધમાં વડગામ થી ખેરાલુ હાઈવે, તેનિવાડા નજીક પાલનપુર અમદાવાદ હાઈવે, દાંતા નજીક પાલનપુર અંબાજી હાઈવે પર ચક્કાજામ કરવામાં આવ્યું હતું. તો ડીસા માં પણ થિયેટર માલિકોને ફિલ્મ ન દર્શાવવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું.

દેશભરમાં ફિલ્મ પદ્માવત નો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં શનિવાર બાદ રવિવારે પણ દેખાવો અને ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જેમાં મહાકાલ સેના અને બાવન આંટા રાજપૂત સમાજ યુવક મંડળ દ્વારા વડગામ ખેરાલુ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. તો તેનિવાડા નજીક પાલનપુર અમદાવાદ હાઈવે બ્લોક કરી દેવાયો હતો. તો દાંતા નજીક કર્ણી સેનાએ પાલનપુર અંબાજી હાઈવે બંધ કર્યો હતો. જેમાં ૩૫ જેટલા કાર્યકરો ની પોલીસે અટક કરી હતી. તો ડીસા માં થિયેટર ના સંચાલકો ને પણ થિયેટર માં ફિલ્મ રજૂ ન કરવા ચેતવણી આપી હતી.

### અફવામાં ન આવવા મહાકાલ સેનાની અપીલ

ગુજરાત મહાકાલ સેના ના સ્થાપક સંજયસિંહ રાઠોડ અને ક્રિપાલસિંહ ચાવડા એ ફિલ્મ પદ્માવત ના મામલે એક મત એક સાથે રહેવા અને કોઈ ખોટી અફવામાં ના આવવા સમગ્ર ગુજરાત ના યુવાનોને અપીલ કરી છે.







## ધાનેરામાં પણ પદ્માવતી ફિલ્મનો વિરોધ : ટાયર સળગાવી ચક્કાજામ

ધાનેરામાં યુવાનો દ્વારા પદ્માવતી ફિલ્મનો વિરોધ કરી જાહેર રસ્તા ઉપર ટાયરો સળગાવી ચક્કાજામ કાર્ય છે તો બીજી તરફ ધાનેરા પોલીસ યુવાનોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પદ્માવતી ફિલ્મ ઉપર થી પ્રતિબંધ હટતા ગુજરાત સહીત અનેક રાજ્યો માં ભારે નારાજગી જોવા મળી રહી છે અને લોકો ઠેર-ઠેર વિરોધ કરી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં મહાકાલ સેનાએ કરની સેનાએ તેમજ અન્ય યુવક ધ્વરા ધાનેરા અગ્રવાલ ત્રણ રસ્તા પાસે જાહેર રસ્તા ઉપર ટાયરો સળગાવી ચક્કાજામ કર્યો હતો જાહેર રસ્તા ઉપર ટાયરો સળગાવતા વાહનોની લાંબી લાઈનો લાગી હતી અને લોકોને કલાકો સુધી ટ્રાફિકમાં હેરાન થવું પડ્યું હતું. ઈમર્જન્સી વાહનો પણ ટ્રાફિકમાં અટવાઈ જવા પામ્યા હતા સમગ્ર ઘટનાને લઈ ધાનેરા પોલીસ દોડતી થઈ હતીઅ ને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી યુંઅવાકો અટકાયત કરી ટ્રાફિક દૂર કરી વાહન વ્યવહાર શરુ કર્યો હતો.

### ધનસુરા દરજી સમાજનું ગૌરવ

ધનસુરા દરજી સમાજના ચેતનાબેન નવિનભાઈ દરજીએએક દૈનિક પત્રમાંવિધાનસભાની ચૂંટણીમાં



કયા પક્ષને કેટલી બેઠકો મળશે તેની હરિફાઈમાં ગુજરાતમાં કોંગ્રેસ, ભાજપને કેટલી બેઠકો મળશે તેનો ચોક્કસ આંકડો આપતા તેસાચો પડતા સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી ૧ લાખનો પુરસ્કાર મેળવી ધનસુરા દરજી સમાજ સાથે સમગ્ર અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

### ધનસુરા વેપારી એસોસીએશનના હોદ્દેદારો

ધનસુરા અનાજ કરિયાણા વેપારી મહાજનની સામાન્ય સભા મળતાં નીચેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરતાં નીચેના હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે રાજુભાઈ જે. ગુર્જર (ચૈતન્ય એન્ટરપ્રાઈઝ), ઉપ પ્રમુખ શૈલેષભાઈ એમ. પટેલ (પાવન કિરાણા), મંત્રી મેહુલભાઈ (પિન્ટુ)એન. શાહ, સોનુભાઈ પંજાબી, મિતેશભાઈ જયસ્વાલ, ખજાનચી દિલીપભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### હિંમતનગરમાં મહિલાના ચારીત્ર્ય પર વહેમ રાખી ત્રાસ અપાતા પતિ સામે ફરીયાદ

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ મંગલમ પાર્કમાં રહેતી એક મહિલાના ચારીત્ર્ય પર ખુદ પતિ દ્વારા વહેમ રાખી લડાઈ ઝઘડો કરી શારિરીક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને શુક્રવારે આ મહિલાને ગાળો બોલી ઘરમાં પ્રવેશ નહિ કરવા માટે ધમકી આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પત્નિને પતિ વિરૂદ્ધ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# દ્વિ દિવસીય ઉત્તરાર્ધ શાસ્ત્રીય અનોખા સાંસ્કૃતિક મહોત્સવનું સમાપન

## કલા અને સંસ્કૃતિને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તે માટે સરકાર કટિબધ્ધ

મહેસાણા

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે દ્રી દિવસીય ઉજવાતા ઉત્તરાર્ધ મહોત્સવના સમાપનમાં રાજ્યના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા ઉત્તરાર્ધ મહોત્સવના બીજા દિવસે મંત્રીશ્રી સહિત મહાનુભાવો તેમજ કલાકારોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

ઉત્તરાર્ધ મહોત્સવ એ સુર્યની પુજા સાથે સંકળાયેલ ઉત્સવ છે.દેશમાં કોર્ણાકનું સુર્યમંદિર અને મોઢેરાનું સુર્યમંદિર પ્રચલિત છે.રાજ્યની સંસ્કૃતિ અને સંસ્કારોનું આદાન પ્રદાન અને સંગીત નૃત્ય જેવી કલાઓના ખજાનાઓથી ભરપૂર આ ઉત્સવ ઉજવવામાં આવે છે

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે સુર્યની પુજા સાથે સંકળાયેલ ઉત્તરાર્ધ મહોત્સવ



આજે દેશ વિદેશમાં ખ્યાતિ પામ્યો છે. સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાનો અદભુત પ્રયાસ સરકાર દ્વારા થઈ રહ્યો છે.આ ઉત્સવ થકી સંસ્કૃતિને જીવંત રાખી લોકોને સહભાગી કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યું છે.મોઢેરાનું સૂર્યમંદિર રાજ્યના અતિપ્રાચીન સંસ્કૃતિનું ઉત્તમ પ્રતિક છે.મોઢેરાના સુર્યમંદિરના શિલ્પોમાં કોતરાયેલી કવિતા નૃત્યોના તાલે કલાકારોએ નૃત્ય રજુ કર્યું હતું.આ મહોત્સવનું મહત્વ વૈજ્ઞાનિક દ્રષ્ટી સાથે પારંપારિક અને સાંસ્કૃતિ મહાત્મય છે.

આજે બીજા દિવસે પદ્મશ્રી દેવયાનીકુમારી દ્વારા ભરત નાટ્યમ,શ્રી ગુરૂ પાલીચંદ્ર અને શિષ્ય મૈથીલી પટેલ દ્વારા કથ્થક,ડો.વસુંધરા ડોરાસ્વામી દ્વારા ભરત નાટ્યમ,સુશ્રી મેઘના સી શાહ દ્વારા મોહીન અટ્ટમ,સુશ્રી નીતા પ્રવિણચંદ્ર આચાર્ય દ્વારા કુચીપુડી અને સુશ્રી એશા જોષી દ્વારા કથ્થક નૃત્ય રજુ કરાયું હતું

કાર્યક્રમમાં સાસંદશ્રી જયશ્રીબહેન પટેલ,ધારાસભ્ય વિજાપુર રમણભાઈ પટેલ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવશ્રી વી.પી.પટેલ,કમિશનર એ.કે.ગાંધી,જિલ્લા કલેકટર એચ.કે.પટેલ,નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા અને વેસ્ટ ઝોન ડાયરેક્ટર ફુરકાન ખાન,પ્રાન્ત અધિકારી કેતકીબહેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરાર્ધ મહોત્સવના અંતિમ દિવસે કલારસીકોએ વિવિધ કૃતિઓનો ભરપૂર આનંદ માણ્યો હતો

### પોલીસ સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે નીતાબેનની નિમણૂક થતાં આનંદ

અરવલી જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ બિનસરકારી સભ્ય તરીકે નિમણૂક કરાતા



આનંદ થયો હતો. મોડાસા નગરના પાસટ નગરપાલિકા મેયર તેમજ ભાવસાર સમાજના નિતાબેન ભાવસારની અરવલી જિલ્લા પોલીસ સલાહકાર સમિતી બિનસરકારી સભ્ય તરીકે નિમણૂક કરાતા સમગ નગરમાંથી આવકાર મળી રહયો છે જેઓએ ભાવસાર સમાજનું ગૌરવ વધારેલ છે.

### ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા કપડાં વિતરણ

ભારત વિકાસ પરીષદ ભિલોડા, મહાવીરનગર, અમદાવાદ શાખાના સંયુક્ત ઉપક્રમે પ્રાથમીક શાળાના ગરીબ બાળકો અને વાલીઓ માટે કપડાં સહિત વિવિધ ચીજવસ્તુઓનો વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકાના સાગરીયાપાડા, જેસીંગપુર, ભેટાલી, રાયપુર પ્રાથમીક શાળા સહિત વિવિધ શાળાઓના ગરીબ ૫૦૦ થી વધુ બાળકોને કપડાં, લંચબોક્સ, પાણીની બોટલ, મીઠાઈ સહિત વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરાયું હતું.

# ખેડબ્રહ્માના પોશીના તાલુકાના શૌચાલયની કામગીરીમાં ગેરરીતિ

## સ્વચ્છ ભારતનો ફીયાસ્કો : તલાટી દ્વારા જુના શૌચાલયના ફોટા પાડી બારોબારીયુ કરાયુ

ખેડબ્રહ્મા પોશીના તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સરકાર દ્વારા ઘરે ઘરે શૌચાલયો બનાવવા ની કામગીરી તાલુકાના અધીકારી સોપવામા આવી ત્યારે ગરીબ અભણ પરીવારો નેત્યા કુવા અને ટબ વગર ના ખાલી ઓરડી જેવા શૌચાલયો બનાવી સરકારી ગ્રાન્ટ લઈ બારોબારીયુ કરી દેવાના આક્ષેપોથી સમગ્ર તાલુકામા ચકચાર મચી જવા પામી છે સ્વચ્છ ભારત અંતરગત ગુજરાત સરકાર દ્વારા ગામે ગામ ઘરે ઘરે શૌચાલયો બનાવવા નીયોજનાહાથધરી જેમાદરેક તાલુકાના કોન્ટ્રાકટ આપી શૌચાલયો બનાવવા માં આવી રહ્યા છે જેમા સરકાર દ્વારા એક શૌચાલય માટે ૧૨હજાર રુપીયા ફાળવવામા આવે છે જ્યારે મનરેગા યોજના ઊતરતી શૌચાલયના કુવા માટે આઠ હજાર મળી એક શૌચાલય પાછળ રુપીયા વીસ હજાર જેટલી માતબર રકમ ફાળવવામા આવે છે પરંતુ તપાસ અધિકારી અને કોન્ટ્રાકટરની મીલીભગતને લઈને ગામડાના અભણ અને ગરીબ પરિવારોને ત્યા ફક્ત ચાર દિવાલનુ ખોખુ બનાવી અંદર ટબ કે મરઘો ગોઠવ્યા વગર તેમજ શૌચાલયોના કુવા બનાવ્યા વગર ફોર્મમા અંગુઠો કરાવી રુપિયા વીસ હજારની જગ્યાએ ફક્ત ઉથી ચાર હજારમા કામ કરી બાકીની રકમનુ બારોબારીયુ થતુ હોવાની ફરિયાદો સમગ્ર તાલુકામા ચકચાર મચી જવા પામી છે આ બાબતે નામ ન આપવાની શરતે એક અધિકારીએ જણાવ્યુ કે આમા ઉપરના લેવલ સુધી સેટીંગ હોય છે ઘણા ગામે તો ઓરડી બનાવ્યા વગર પણ પૈસા બારોબાર ઉપડી ગયા ની બુમો ઉઠી રહી છે.

### ભિલોડા તાલુકાના ટોરડા ગામમાં મહા રક્તદાન યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગામમાં સદ્દ્ગુરૂ ગોપાળાનંદ સ્વામી જન્મ જયંતી, હવેલી ઉદ્દ્ઘાટન અને ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજના ૬૫મા વાર્ષિક પાટોત્સવના ધાર્મિક પ્રસંગ નિમિત્તે ટોરડા પ્રાથમીક શાળામાં ૨૧ થી ૨૪ દરમિયાન દરરોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી મહા રક્તદાન યોજાશે. હરીભક્તો મોટી સંખ્યામાં રક્તદાન કરશે તેમ જાણવા મળેલ છે.

# મોડાસાના મોહનપુર કંપા નજીકથી કારમાંથી વિદેશી દારૂ પકડાયો

મોડાસા, તા. ૨૧

મોડાસા તાલુકાના મોહનપુર કંપા નજીકથી મોડાસા રૂરલ પોલીસે ઈન્ડિગો-માંજા કારમા ૨૮ હજારથી વધુનો વિદેશી દારૂ ભરી પસાર થતા રાજસ્થાનના બુટલેગરની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય એક શખ્સને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ગુજરાતના અન્ય વિસ્તારમાં કરોડો રૂપિયાનો વિદેશીદારૂ ઠાલવવા બુટલેગરો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરતા અનેક વાર બહાર આવ્યું છે. ત્યારે બુટલેગરો પણ પોલીસની નજરથી બચવા નિતનવા નુસ્ખા અપનાવતા હોય છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂબંધીના અમલવારી માટે સઘન પેટ્રોલિંગ હાથ ધરાતા બુટલેગરો પોલીસતંત્રની બાજ નજરથી બચવા જિલ્લાના આંતરિક માર્ગોનો ઉપયોગ કરી વિદેશી દારૂ ઠાલવવા સતત પ્રયત્નશીલ રહે છે. મોડાસા રૂરલ પોલીસ મોહનપુર કંપા નજીકથી શનિવારે મોડીરાત્રે પસાર થતી ઈન્ડિગો-માંજા કાર (ગાડી.નં- નં. જીજે.૧૪.ઈ. ૯૦૦૩) ને અટકાવી કારમાં તલાશી હાથ ધરતાં કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની બોટલ/ક્વાટરીયા નંગ-૧૪૪ કિં. રૂ.૨૮૮૦૦નો જથ્થો જપ્ત કરી કાર ચાલક સતીશ બાપુભાઈ ડામોર (રહે.નાનકાનાળા પાલીસોડા, રાજસ્થાન)ની ધરપકડ કરી કારની કિં. રૂ.૨૦૦૦૦૦ તથા રોકડ રકમ ૩૦૦ મળી કુલ રૂ. ૨૨૯૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર રાજુ (રહે. બિચ્છીવાડા) વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર શખ્સને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

### હિંમતનગરની સાત કોર્ટોનું કામચલાઉ સ્થળાંતર

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર જિલ્લા સેવાસદન સામે આવેલ નિચલી કોર્ટોનું મકાન નવીન બની રહ્યુ હોવાને કારણે અહીં ચાલતી સાત કોર્ટોની કામગીરી સોમવાર તા. ૨૨ જાન્યુઆરી-૨૦૧૮થી આગામી અંદાજે દોઢ વર્ષ સુધી જુની જિલ્લા પંચાયતમાં ચાલશે. જોકે સાત કોર્ટો જ્યારે કોર્ટનું નવું મકાન તૈયાર થઈ જશે ત્યારબાદ તે પછી જે તે જગ્યાએ આવી જશે. હિંમતનગર જિલ્લા સેવા સદન સામે આવેલી સાત નીચલી કોર્ટ જે મકાનમાં કાર્યરત છે તે મકાન નવુ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નાણાં ફાળવવામાં આવતા આ મકાનમાં ચાલતી ક્રિમીનલ, સિવિલ સહિત સાત નીચલી કોર્ટ સોમવાર તા. ૨૨ જાન્યુઆરીથી જુની જિલ્લા પંચાયત ભવનમાં કામગીરી કરશે. જિલ્લા સેસન્સ કોર્ટનું સ્થળ બદલાયુ નથી જ્યારે નીચલી કોર્ટોમાં ચાલતા કેસો અંગેની કામગીરી હવેથી જુની જિલ્લા પંચાયતમાંથી થનાર છે ત્યારે અસીલો અને વકીલો પણ ત્યા મળશે.